Monday
27.11.2023
✳Volume :8 ✳ Issue No.124
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વડાપ્રધાન મોદીએ આદિવાસી ગૌરવ દિવસ પર શરૂ કરી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ નવેમ્બરે આદિવાસી ગૌરવ દિવસપર 'વિકસિતભારત સંકલ્પ યાત્રા' શરૂ કરી છે. કેન્દ્ર સરકારની આ પહેલ ઝારખંડના ખુંટી જિલ્લામાંથી શરૂ થઈછે. ત્યારબાદ દેશના જુદા-જુદા ભાગોમાં શરૂ કરવામાં આવી હતી. આ ભારત સંકલ્પ યાત્રા મોદી સરકાર દ્વારા છેલ્લા વર્ષોમાં કરવામાં આવેલા તમામ લોક કલ્યાણના કાર્યક્રમોને રજૂ કરશે. આઉપરાંત યાત્રા દ્વારા આદિવાસીઓની આજીવિકા સુધારવા માટેની સરકારની યોજનાઓને પણ ઉજાગર કરવામાં આવશે. આ યાત્રા દેશના ૨૪ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૬૮ જિલ્લાઓની ૮,૫૦૦થી વધારે ગ્રામ પંચાયતોમાંથી પસાર થશે.. આદિવાસી સમુદાયોની વિવિધ ગ્રામપંચાયતોમાંસરકારના લોક કલ્યાણ કાર્યક્રમોનો સંદેશો ફેલાવવા માટે પાંચ ICE વાન તૈયાર કરવામાંઆવી છે.

આ ICE વાન કેન્દ્ર સરકારના લોક કલ્યાણના કાર્યક્રમનો સંદેશો પાયાના સ્તરે પહોંચાડવા માટે દરેક જિલ્લામાં પ્રવાસ કરશે. આ યાત્રા ઝારખંડ, ઉત્તર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ, મહારાષ્ટ્ર, જમ્મુ અને કાશ્મીર, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમબંગાળ, ગુજરાત, ઓડિશા, તમિલનાડુ, કેરળ વગેરે રાજ્યોમાંશરૂ કરવામાંઆવી છે.. કેન્દ્ર સરકારસામાન્ય જનતા માટે જુદા-જુદા વિષયો પર અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે. પરંતુ ઘણી વખત આ કાર્યક્રમોની જાણકારી લોકો સુધીપહોંચી શકી નથી. જેના કારણે તેઓ સરકારી સહાયના લાભથીવંચિત રહીજાય છે.

તેથી આ યાત્રાનો એક ઉદ્દેશ્ય દેશના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોને સરકારના પ્રજોક્ટ્સની માહિતી આપવાનો છે. આ ઉપરાંત એક ઉદ્દેશ્ય કેન્દ્ર સરકારની યોજનાઓ વિશે જાગૃતિ લાવવાનો છે. 'વિકસિત ભારતસંકલ્પ યાત્રા' નો એક ઉદ્દેશ્ય વિવિધ સરકારી યોજનાઓ વિશેલોકોશું વિચારે છે, જો તેમની પાસે કોઈ સૂચનો હોય તોતેનું ડોક્યુમેન્ટેશન કરવાનો છે.. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ નવેમ્બર, ૨૦૨૩ નારોજ બિરસા મુંડાની જન્મજયંતિ પર 'વિકસિત ભારત સંકલ્પયાત્રા' શરૂકરીહતી. આદિવાસી ગૌરવ દિવસથી શરૂ થયેલી આ યાત્રા આવતા વર્ષ ગણતંત્ર દિવસ એટલે કે, ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી ચાલુ રહેશે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના અમલીકરણની જવાબદારી કેન્દ્ર સરકાર હેઠળના જુદા-જુદા મંત્રાલયોને સોંપવામાં આવી છે. આ યાત્રાને સફળ બનાવવા માટે કૃષિ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય અને આદિજાતિ કલ્યાણ મંત્રાલય ની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આઉપરાંત અન્ય મંત્રાલયો પણ યાત્રાને સફળ બનાવવા માટે કાર્યરત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જાપાનમાં, યામાનાશી હાઈડ્રોજન કંપનીની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,અમદાવાદ
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જાપાન પહોંચેલા ગુજરાતના હાઈ લેવલ ડેલીગેશને તેની મુલાકાતનોપ્રારંભ યામાનાશી ગવર્નર કોટારો નાગાસાકી સાથેની બેઠકથી કર્યો હતો.. યામાનાશી હાઈડ્રોજન કંપનીની મુલાકાત મુખ્ય મંત્રી અને ડેલિગેશને યામાનાશી ગવર્નર સાથે લઈને ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં પણ ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ પોટેન્શિયલ અંગે વિચાર વિમર્શ કર્યોહતો મુખ્યમંત્રીએને પ્રતિનિધિ મંડળે આ પ્લાન્ટનું નિરીક્ષણ કરીને વિશેષતાઓ જાણી હતી. યામાનાશી હાઈડ્રોજન કંપનીના ગ્રીન હાઈડ્રોજનના સપ્લાય, સ્ટોરેજ અને સર્વિસિંગ પ્રક્રિયાનું ડેમોન્સ્ટ્રેશન પણ તેમણે નિહાળ્યું હતું. યામાનાશીહાઈડ્રોજન કંપની આ ડેમોન્સ્ટ્રેશન સહિત ગ્રીન હાઈડ્રોજન માં અન્ય ઈનિશિયેટિવ્ઝથી આગામી વાઈબ્રન્ટ સમિટમાંસહભાગી થવા ઉત્સુક છે તેમ તેમણે જણાવ્યું હતું. યામાનાશી ગવર્નરએ મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ડેલીગેશનનો ઉષ્માસભર આવકાર કરતાઆ મુલાકાતદ્વિપક્ષીય સંબંધો વધુ સુદૃઢ બનાવશે તેવી અપેક્ષા દર્શાવી હતી. તેમણે જાપાન ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં જે નવા અભિગમો અપનાવી રહ્યું છે તેનું વિસ્તૃત પ્રેઝન્ટેશન ડેલિગેશન સમક્ષ કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન, નેશનલ ઈલેક્ટ્રીક મોબિલિટી મિશન પ્લાન, ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ઈમિશનના લક્ષ્યાંક, જે વી જે પહેલો થઈ છે તેની વિગતો આપી હતી. ગુજરાત પણ ગ્રીન ક્લીન એનર્જીના લક્ષ્યાંકોને પાર પાડવા વડાપ્રધાનનાદિશાદર્શનમાં આગળ વધીરહ્યું છેએમ પણ તેમણે ઉમેર્યું હતું. ખાસ કરીને ૨૦૩૦ સુધીમાં દેશમાં રીન્યુએબલ એનર્જી સોર્સમાંથી ૫૦૦ ગીગા વોટ ઈન્સ્ટોલ્ડકેપેસિટીના વડાપ્રધાનના નિર્ધારમાં પણ ગુજરાત અગ્રીમ યોગદાન આપે તેવા રાજ્ય સરકારના ઈનિશિયેટિવ્ઝ મુખ્ય મંત્રીએ વર્ણવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી પોર્ટફોલીયો ૧૦૦ ગીગાવોટ સુધી લઈ જવાના લક્ષ?યાંકની અને ગુજરાત ન્યૂ રીન્યુએબલ પોલિસીની જાણકારી આપીહતી. મુખ્યમંત્રીએ રીન્યુબલ એનર્જી સેક્ટર તથા ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં જાપાન ગુજરાતના સંબંધોને નવી તકો આપવા, નવા રોકાણો માટે વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪માં જોડાવા પણ યામાનાશી ગવર્નરને આમંત્રણ પાઠવ્યું હતું. રવિવારે રજાના દિવસે પણ ગવર્નર સમગ્ર મુલાકાતમાં સાથે રહ્યા અને ઉષ્મા સભર આવકાર આપ્યો તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનો આભાર માન્યો હતો. મુખ્ય સચિવ રાજકુમાર ના વડપણ માં રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને અગ્રણી ઉદ્યોગકારોઆ મુલાકાતમાં જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,
લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામીનારાયણ ગોકુલધામ નાર દ્વારા વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પેટલાદ, તારાપુર, ખંભાત અને સોજિત્રા તાલુકાની ૭૬૦ સરકારી આંગણવાડીઓ (પ્રિ-સ્કૂલ)ના બાળકોને શિયાળામાં ઠંડીથી રક્ષણ માટે રૂ૩૦૦ જેકેટનું વિતરણ કાર્યક્રમ અંતર્ગત પ્રતિકાત્મક જેકેટ વિતરણ કરવાના પુણ્યશાળી કાર્યમાં સહભાગી બનતા મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા આ વેળાએ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરી પૂજ્ય સંતોના આશીર્વાદ મેળવ્યા.

કમલમ્ ન્યુઝ,
દશાવાડા ગામે ઠાકોર કનુજી જીતાજીના માતુશ્રીના બોલામણા પ્રસંગે મુલાકાત લીધી અને એમના તંદુરસ્ત દીર્ઘાયુ ની શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ના ઉપાદ્યક્ષ શ્રી નંદાજી ઠાકોર, એપીએમસી ચેઅમેન વિષ્ણુભાઈ પટેલ, સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખશ્રી વિક્રમસિંહ ઠાકોર, શંભુભાઈ દેસાઈ, અશોકભાઈ પટેલ, કાન્જીભાઈ દેસાઇ, સુરપાલસિંહ રાજપૂત, ડાહ્યાભાઈ દેસાઇ , જગશીજી ઠાકોર, ભુપતજી ઠાકોર સહીત કાર્યકતાઓ સાથે જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,
માંડવી APMC ખાતે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ઉર્જા વાન માર્ગદર્શન પ્રાપ્ત કરતા મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ ભાજપના કાર્યકર્તા બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલી તાલુકાના ઝેરીમોરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ ના શુભ હસ્તકે કરવામાં આવ્યું

લાભાર્થીઓને અપાયો સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ

કમલમ્ ન્યુઝ,
સુરત જિલ્લા ના બારડોલી તાલુકાના ઝેરીમોરા ગામે વિકસિત ભારત સંકલ્પયાત્રાનું ઉમળકાભેર સ્વાગત મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ ના શુભ હસ્તકે કરવામાં આવ્યું. મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ એ યોજાયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગામમાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતુંઅને ગ્રામજનોએ કંકુ-ચોખાથીઆ રથનેઆવકાર્યો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી દેશભરમાં રાજ્ય સરકારઅને કેન્દ્રસરકારની વિવિધ યોજનાઓની માહીતીછેવાડાલોકો સુધી પહોંચવામાં આવી રહી છે. ત્યારે ઝેરીમોરા ગામે પણ વિકસિત ભારત સંકલ્પ રથના માધ્યમથી સરકાર ની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી મેળવી હતી.

આ તકે મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે,વિકસિત ભારત સંકલ્પ યાત્રા એ જિલ્લાના છેવાડાના માનવી સુધી સરકારશ્રીની વિવિધ યોજના પહોંચાડવાનો ભગીરથ પ્રયત્ન છે. આ યાત્રાના માધ્યમથી જેમને લાભ મળવાપાત્ર છે એવા તમામ લાભાર્થીઓને આવરી લેવાશે. વધુમાં તેમણે સરકારશ્રીની તમામ વિભાગોની યોજનાઓના લાભ લેવા માટે અપીલ કરી હતી. મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ સહિતના મહાનુભાવોના હસ્તે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનોલાભાર્થીઓને લાભ અપાયોહતો.

કાર્યક્રમમાંઉપસ્થિત તમામે ભારત દેશને વિકસિત બનાવવાની દિશામાં પ્રયત્ન અંગે શપથ ગ્રહણ કર્યા હતાં. આ તકે, સ્થાનિક ગ્રામજનોનીપણ બહોળી ઉપસ્થિતિ રહીહતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએડ્રીમ પ્રોજેક્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટીને સાકાર કર્યું છે તેવીજરીતે આ ટ્રાયબલ મ્યુઝિયમ પણ બનશે

એકતાનગર ખાતે આવેલા ટ્રાયબલ મ્યુઝિયમના કામનું નીરીક્ષણ કરી ઓચિંતિ મુલાકાત લેતા આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ

કમલમ્ ન્યુઝ,રાજપીપલા
રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ ગઈકાલે તા.૨૫/૧૧/૨૦૨૩ના રોજ એક દિવસીય નર્મદા જિલ્લાના પ્રવાસે પધાર્યા હતા. મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ પોઈચા ખાતે પ્રશિક્ષણ શિબિરમાં કાર્યકરોનેપ્રેરક સંબોધન માર્ગદર્શન કરીને ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે આવેલા ટ્રાયબલ મ્યુઝિયમની ઓચિંતિ મુલાકાત લીધીહતી અને ટ્રાયબલ મ્યુઝિયમનાનિર્માણ કાર્ય અંગે હાલમાં બાંધકામ બંધ હોઈ સ્થળ પર વિઝિટ કરીને પુનઃ કાર્ય શરૂ કરી આ ટ્રાયબલ મ્યુઝિયમ સાકાર થાય તેવો મત વ્યક્ત કર્યો હતો. પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ આ મ્યુઝિયમ પણ સાકાર થશે અને પોતે પણ આદિવાસી સમાજના હોઈ આ પ્રોજેક્ટ ઝડપી પૂર્ણ થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી અને મ્યુઝિયમની વિવિધ સાઈટની મુલાકાત લઈ નિરીક્ષણ કયુંહતુંઅને પ્રોજેક્ટ વિશેની માહિતી અને આ અંગે પોતે પણ પ્રયાસ કરશે તેમ જણાવ્યું હતું.

આ અંગે વહીવટીતંત્રના અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી અને ધારીખેડા સુગર ફેક્ટરીના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ પટેલ, પ્રાથોજના વહીવટદારશ્રી હનુલચોધરી અને નાંદોદના પ્રાંત અધિકારીશ્રી કેતુલ ઈટાલીયા સહિત સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિતરહ્યાં હતા.

તંત્રી સ્થાનેથી......

રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા વડોદરા જિલ્લાના તમામ આઠેય તાલુકાઓમાં બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાંઆવ્યું હતું. રવિ કૃષિમહોત્સવના બીજા દિવસે આઠેય તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી મોડેલ ફાર્મની મુલાકાત લઈ કૃષિ પ્રદર્શન નિહાળ્યું હતું. જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા તાલુકા કક્ષાએ ખેડૂત મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકાના ખેડૂતોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. રવિ કૃષિ મહોત્સવના બીજા દિવસે કૃષિ નિયામકશ્રી એસ.જે.સોલંકીએ એ.પી.એમ.સી, સયાજીપૂરા ખાતેઆયોજિત કૃષિમહોત્સવમાં ઉપસ્થિત રહી ખેડૂતોને આધુનિક ખેત પદ્ધતિઓ સહિત પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી સોલંકીએખેડૂતોને ખેતીખર્ચ કેવીરીતે ઘટાડી શકાય, ખાતર અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કેમ કરવો, કૃષિ મહોત્સવનું મહત્વ તેમજ સરકારની કૃષિલક્ષી યોજનાઓ નો લાભ કેવી રીતે લઈ શકાય તે અંગેવિસ્તૃત માહિતીઆપી હતી. કૃષિ સહાય યોજનાને લગતા પ્રશ્નો, કૃષિપેદાશોના ભાવ, ખેતી માટેવીજળીકરણ, સુક્ષ્મ પિયત પદ્ધતિ, ઉભા પાકનાં સંરક્ષણ અંગેજંગલી પ્રાણીઓનીલગાય, ભુંડ તથા દિપડા વગેરે જેવા ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટેની માહિતી આપી હતી. એ.પી.એમ.સી. ખાતે બીજા દિવસે સ્ટોલ મુલાકાત કરી રહેલા ખેડુતો સાથેપણ તેમણે ખેતી વિષયકવાર્તાલાપ કર્યોહતો. કૃષિસહાયનાં મંજૂરી પત્રોનું વિતરણ કર્યું હતું. ખેતી નિયામક સાથે વિભાગીય વડા સંયુક્ત ખેતી નિયામક(વિ)શ્રીએમ.એમ.પટેલ, જિલ્લાખેતીવાડી અધિકારીશ્રી નિતિનભાઈ વસાવા, નાયબ ખેતી નિયામકશ્રી(વિ) શ્રી ચિરાગભાઈ એન.પટેલ,નાયબ ખેતીનિયામક અને પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા શ્રી જિતેંદ્રભાઈચારેલ, મદદનીશખેતી નિયામકશ્રી,ખેતીવાડી અધિકારીશ્રી, વિસ્તરણ અધિકારી(ખેતી), ગ્રામસેવકો અને ખેડૂતોહાજર રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,
નરેન્દ્ર મોદી વિચાર મંચ (આઈ.ટી.સેલ) ભરૂચ જિલ્લા પ્રમુખ અને ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય, પત્રકાર યુવાઆગેવાન બ્રિજેશભાઈ પટેલના નિવાસ્થાને નેત્રંગ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ બાલુભાઈ કલમભાઈ વસાવાએ નૂતન વર્ષની શુભેચ્છા મુલાકાત કરી. જેમાં સામાજિક આગેવાન સંકેતપંચાલ અને પ્રતિક પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા

સ્વાર્થ વિના સેવા કરતા લોકોનું સન્માન કરવું એ સમાજનું કર્તવ્ય છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,
રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રસિદ્ધિની પરવા કર્યા વિના, માનવસેવા માટે કાર્યરત ૧૪ મહાનુભાવોનું ધરતીરત્ન એવોર્ડથી સન્માન કર્યું હતું. આરોગ્ય અને સેવાના ક્ષેત્રમાં ૪૭ વર્ષોથી સેવારત આશીર્વાદ ફાઉન્ડેશન તરફથી અપાતા આ એવોર્ડના અર્પણ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, સ્વાર્થ વિના સમાજ સેવા કરતા લોકોનું સન્માન કરવું એ સમાજનું કર્તવ્ય છે. આવું સન્માન અન્ય લોકોને સેવા કરવાની પ્રેરણા આપે છે. રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ કહ્યુંકે, અન્નનો એક દાણો ધરતીમાં ભળી જઈને અનેક દાણા ઉત્પન્ન કરે છે, એમ માનવસેવા માટે સમર્પિત વ્યક્તિઓ સુંદર સમાજનું નિર્માણ કરે છે. જે સમાજમાં પરસ્પર સહૃદયતા અને અપનાપન હોય ત્યાં સુખ અને આનંદની અનુભૂતિ થાય છે. ધરતી રત્ન એવોર્ડથી સન્માનિત મહાનુભાવોને તેમના કાર્યો માટે અભિનંદન પાઠવતાં તેમણે આવા સેવા કાર્યોને જ સાચી માનવતા ગણાવ્યા હતા. અન્યનું દુઃખ પોતાના હૃદયમાં અનુભવી શકે, અન્યના આંસુ પોતાની આંખેથી વહાવી શકે અને પરોપકાર માટે જીવે તે જ જીવનનું સાર્થક્ય છે.

સમાજના કલ્યાણ માટે થયેલા સત્કર્મોથી જ લોકોના દિલમાં અને માનસમાં સ્થાન મળે છે. એમ કહીને રાજ્યપાલશ્રીએ કહ્યું કે, શ્રીરામ, શ્રીકૃષ્ણ, મહાત્મા ગાંધીજી, સ્વામીદયાનંદ સરસ્વતી, સ્વામીવિવેકાનંદ આજેપણ અમર છે, તે તેમના કર્મોને આભારી છે. સત્કર્મથી મોટી કોઈ મૂડી નથી. ધરતીમાં જે વાવીએ છીએ તે જ લણીએ છીએ. સદ્કાર્યનુંફળ સુખ-શાંતિ છે અને ખરાબ કર્મોનું ફળ પીડા અને પરેશાની છે. તેમણે આશીર્વાદ ફાઉન્ડેશન જેવી સેવાભાવી સંસ્થા માટે દાનની સરવાણી વહાવનાર દાતાઓને પણ અભિનંદન આપ્યા હતા. અમદાવાદના શાહીબાગમાં સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તમામ નાગરિકોને પોતાના 'ફેમિલી ડોક્ટર' હોય છે એમ હવે એક 'ફેમિલી ફાર્મર' રાખવાનોઅનુરોધકર્યોહતો તેમણે કહ્યું કે, આપણે આપણા રોજબરોજના જીવનમાં અનાજ, શાકભાજી, ફળ, દૂધવગેરેમાં ધીમું ઝેર આરોગી રહ્યા છીએ. પેસ્ટીસાઈડ્સ અને રાસાયણિક ખાતરના અંધાધુંધ ઉપયોગથી આપણું અન્ન દૂષિત થઈ ગયું છે, જેના કારણે અનેક જીવલેણ રોગો સામે આપણે જજુમી રહ્યા છીએ. આપણું અન્ન આરોગ્યપ્રદ અને પ્રદૂષણમુક્તહોય એઅનિવાર્ય છે. માટે રાસાયણિક ખાતર કે પેસ્ટીસાઈડ્સના ઉપયોગ વિના, માત્ર દેશી ગાયના ગોબર-ગૌમૂત્રથી થતી પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત થતા અનાજ, ફળો અને શાકભાજી ખાવાનોઆગ્રહ રાખો. આ માટે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને પ્રોત્સાહન આપો. તેમણે કહ્યુંકેગુજરાતમાં પોણાનવ લાખથી વધુ ખેડૂતોપ્રાકૃતિક ખેતીકરતા થયા છે અને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે. આગામી બે વર્ષમાં ગુજરાતને સંપૂર્ણ ઝેરમુક્તખેતી કરતો પ્રદેશ બનાવવાની નેમ સાથે રાજ્ય સરકાર પ્રમાણિકતાપૂર્વક પ્રાકૃતિક ખેતીનુંમહા અભિયાનચલાવીરહી છે. આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રમુખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી આર.એસ. પટેલેપોતાના ઉદ્દબોધનમાં કહ્યુંહતું કે, જેમપુષ્પો કોઈને પ્રભાવિત કરવા ખીલતા નથી કે પોતાની ખુશ્બુ પ્રસરાવતા નથી, તેવી જ એવી જ નિસ્વાર્થ ભાવનાથી ગુજરાતના ખૂણે-ખૂણે માનવસેવા કરી રહેલા મહાનુભાવોને આશીર્વાદ ફાઉન્ડેશન ધરતી રત્ન એવોર્ડથી સન્માનિત કરે છે.તેમણે સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ આપ્યોહતો. આ કાર્યક્રમમાંભારત સરકારની સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, પૂર્વ મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, મોન્ટે કાર્લો લિમિટેડના અધ્યક્ષ શ્રી કનુભાઈ પટેલ, સત્ય સાંઈબાબા હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી કંચનભાઈ ઝવેરી, આશીર્વાદ ફાઉન્ડેશનના ટ્રસ્ટી ડૉ. શ્રી કે. એમ. પટેલ, કવિ શ્રીમાધવરામાનુજ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વન નેશન વન રાશનકાર્ડ યોજનાથી દેશના કોઈપણ રાજ્યનો વતની દેશના કોઈપણ ખૂણેથી પોતાની જરૂરિયાત મુજબનું રાશન મેળવી શકે છે:મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલ

કમલમ્ ન્યુઝ,
કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ(DFPD) દ્વારા વડોદરા શહેરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર હોલ ખાતે મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લના અધ્યક્ષસ્થાને 'વન નેશન વન રેશનકાર્ડ' (ONORC) યોજનાના લાભાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમા ONORCયોજનાની તલસ્પર્શીજાણકારી, 'મેરા રાશન' એપ્લિકેશનની માહિતી અને લાભાર્થીઓને મળતા લાભો તેમજ યોજના વિશે તલસ્પર્શી વિગતો આપવામાં આવી હતી. દેશના ગરીબલોકોની મૂળભૂત-અનાજની જરૂરિયાત સંતોષતી 'વન નેશન વન રાશનકાર્ડ'ની યોજનાની વિશેષતાઓવર્ણવતા મુખ્ય દંડક શ્રી બાળકૃષ્ણ શુક્લેજણાવ્યું હતુંકે, વન નેશન વન રાશનકાર્ડ યોજનાથી દેશના કોઈપણ રાજ્યનો વતની દેશના કોઈપણ ખૂણેથી પોતાની જરૂરિયાત અનુસાર રાશનનો લાભ લઈ શકે છે. જરૂરિયાતમંદ તમામને આ યોજનાનો લાભ લેવાનો અનુરોધ કરતા મુખ્ય દંડકશ્રીએ લાભાર્થીઓ સહિત દરેકને દેશના જાગૃત અને જવાબદાર નાગરિક તરીકે આ જાગૃતતાઅભિયાનમાં હિસ્સેદારી નોંધાવવાનું આહ્વાન કર્યું હતું. આ તકે કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના નિયામક શ્રી રવિશંકરે દેશમાં વર્ષ ૨૦૧૯થી નેશનલ ફૂડ એન્ડ સિક્યોરીટી એક્ટ(NFSA) અંતર્ગત શરૂ થયેલી 'વન નેશન, વન રાશનકાર્ડ' યોજનાની વિગતોઆપતાજણાવ્યું હતું કે, દેશ કે રાજ્યનો કોઈ પણ નાગરિક પોતાના મૂળ વતનથી બીજી જગ્યાએ કાયમી કે હંગામી ધોરણે સ્થળાંતર કરે ત્યારે તેવા નાગરિકોના રાશન કાર્ડને ઈ-ગવર્નન્સ સાથે જોડીને તેનો લાભ

આપવામાં આવે છે. ઉપરાંત બાયોમેટ્રિક પદ્ધતિને આધારે આ યોજનાનો લાભ મળવાથી પોતાના હકનુંરાશન દેશના કોઈપણ ખૂણેથી મેળવીશકે છે. દેશમાંવસતા કરોડો શ્રમયોગી માટે વન નેશન વન રેશનકાર્ડ યોજના સાચા અર્થમાં આશીર્વાદરૂપ બનીરહી છે. જે દેશ માટે ખરા અર્થમાં 'વસુધૈવ કુટુમ્બકમ'ની વ્યાખ્યાને ચરિતાર્થ કરીછે એમતેમણે ઉમેર્યુંહતું. વન નેશન, વન રાશનકાર્ડ યોજના હેઠળદેશમાં એકરાજ્યમાંથીબીજા રાજ્યમાં ૪ લાખ કુટુંબો,એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ૨૦ લાખ કુટુંબો અને એક ગામમાંથી બીજા ગામમાં ૨ કરોડ કુટુંબો પોતાના હિસ્સાનું અનાજ મેળવી રહ્યા છે.ગુજરાતમાંઅન્ય રાજ્યના ૧.૬૧ લાખ અને વડોદરામાં ૧૬,૩૭૯ કુટુંબો આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે. દેશનાં કોઈ પણ ખૂણામાંસશક્ત પુરાવા તરીકે કાર્યરત આધાર કાર્ડ સાથે દરેક યોજનાઓને લિંક કરવાથી મોટી સંખ્યામાંલોકો વધુસરળતાથી તેનો લાભ મેળવી શકે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ રાજ્યમાં અંદાજિત ૭૨ લાખથી વધુ કુટુંબોની ૩.૫૦કરોડ જનસંખ્યાને અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.વિશ્વની સૌથી મોટી એવી આયોજના હેઠળદેશના ૮૦.૩૫ કરોડ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. આ કાર્યક્રમમાં ફોર્ટિફાઇડ(પોષણ યુક્ત) ચોખા અને તેની ઉત્તમ ગુણવતા વિષે ઓડિયો-વિડીયો માધ્યમ દ્વારા માહિતી આપવામાં આવી હતી તેમજ ઉપસ્થિત લાભાર્થીઓને ટોકન તરીકે ફોર્ટિફાઇડ ચોખાના પેકેટનુંવિતરણ કરવામાંઆવ્યું હતું. સાથે જ 'મેરા રાશન' એપ્લિકેશનની માહિતીઆપી તેનો ઉપયોગ કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારનાઅન્ન અને જાહેર વિતરણ વિભાગના સિસ્ટમ મેનેજર શ્રી અભિષેક કુમારે જણાવ્યું હતુંકે વન નેશન, વન રાશન કાર્ડ યોજના ઓનલાઈન પદ્ધતિથી સંપૂર્ણ પારદર્શી પ્રણાલીથી સમગ્ર દેશમાં ચાલી રહી છે. આ યોજના હેઠળ લાભાર્થીઓ દેશના કોઈપણ ભાગમાંથી પોતાના હિસ્સાનું રાશન મેળવી શકે છે. આ કાર્યક્રમમાં ધારાસભ્યો સર્વશ્રી યોગેશભાઈ પટેલ, કેયુરભાઈ રોકડિયા, ચૈતન્યભાઈ દેસાઈ,અગ્રણી શ્રી વિજય ભાઈ શાહ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નાયબ નિયામક શ્રીમતી મનીષાબેન પટેલ, નિવાસી અધિક કલેકટર ડો. બી.એસ. પ્રજાપતિ, જિલ્લાપુરવઠા અધિકારી ગીતાબેન દેસાઈ,કેન્દ્ર અને રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ,વન નેશન, વન રાશન કાર્ડયોજનાના લાભાર્થીઓ સહિત દુકાનદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે રાષ્ટ્રીય બંધારણ દિવસની પોલીસ જવાનો સાથે ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,ભરૂચ
દર વર્ષે ૨૬મી નવેમ્બરે, રાષ્ટ્રીય બંધારણ દિવસ ઉજવવામાં આવે છે. તા. ૨૬મી નવેમ્બર, ૧૯૪૯નાં રોજ ભારતનું બંધારણ ખરડા સમિતિમાં પસાર કરવામાં આવ્યુ હતું. આ દિવસને રાષ્ટ્રીય કાયદાદિવસતરીકેપણ ઉજવવામાં આવે છે. ભારતીય બંધારણનો ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને સંઘને સુરક્ષિત રાખવા માટે દેશને સ્વતંત્રસામ્યવાદી, બિનસાંપ્રદાયિક સ્વાયત્ત અને પ્રજાસત્તાક ભારતીય નાગરિક તરીકે રચવા માટે અપનાવવામાં આવ્યો હતો. નેત્રંગ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.કે.રાઠોડ સાહેબ દ્વારા નેત્રંગ પોલીસ સ્ટેશનના સ્ટાફનેસંવિધાન દિવસ નિમિત્તે રાષ્ટ્રીય મૂલ્યો અને નૈતિક ફરજો અને આપણીસંસ્કૃતિનું જતન કરી તેમજ બંધારણનું પાલન પૂર્ણ નિષ્ઠા થી કરીરવા અંગે માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતું. અને ભારતના બંધારણના આમુખનું વાંચન કરવાના આવ્યુંહતુ. અને રાષ્ટ્રીય બંધારણ દિવસનીશુભેચ્છા પાઠવી હતી દુનિયાનું સૌથીમોટુ બંધારણ ભારતનુંછે. તેકોઈ પ્રિન્ટ કે ટાઈપ રાઈટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યું હતું. તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ થયા હતાં અને તેમાં ૨૯૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. જવાહરલાલ નહેરૂ, ડા. ભીમરાવ આંબેડર, ડા. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાનાઅબુલ કલામઆઝાદ આ સભાના પ્રમુખ સભ્યો હતા. બંધારણ વિશ્વનું સૌથી લાંબું લખાયેલું સંવિધાન છે. બંધારણ લખનારી સમિતીએ તેને હિંદી, અંગ્રેજીમાં હાથથી લખીને કેલિગ્રાફ કર્યું હતું. તેમાં કોઈ ટાઈપિંગ કે પ્રિંટિંગ સામેલ ન હતી.

કમલમ્ ન્યુઝ,
ખંભાત સ્થિત કલાવતી હોસ્પિટલ નું સાંસદશ્રી મિતેષભાઈ પટેલના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યું. આ પ્રસંગે સાંસદશ્રીની સાથે ખંભાતના પૂર્વ ધારાસભ્ય શ્રી સંજયભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રી દિગવિજયસિંહ પરમાર, શહેર પ્રમુખશ્રી પીનાકીનભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા.

ભારતભરમાં કારતક સુદ પૂર્ણિમાના દિવસથી ચાતુર્માસ પૂર્ણ થતા સાધુ-સાધ્વીજીનો વિહાર શરૂ

કમલમ્ ન્યુઝ,
રવિવારે ચોમાસી ચૌદશ હતી. એટલે કે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનાં ચાતુર્માસની પૂર્ણાહુતિ થશે અને સોમવારે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોના ચાતુર્માસ પરિવર્તન થઈ શકશે.એટલે કેજ ચાર મહિના સુધી એક સ્થળે સ્થિરતા બાદ ચોમાસી ચૌદશ બાદ વિહાર શરૂ થશે અને ચાતુર્માસની પૂર્ણાહુતિ મંગળવારે થશે. અષાઢ સુદ ચૌદશથી પ્રારંભ થયેલા જૈન ચાતુર્માસની પૂર્ણાહુતિ રવિવારે કારતક સુદ ચૌદશના 'સામૂહિક દેવવંદન' અને 'ચૌમાસી ચૌદશ'ના વિશેષ પ્રતિક્રમણ સાથે થશે, એમ કહી રાજસ્થાન ના મીરપુર પ્રાચિન તીર્થ ખાતે માનવતાના મસીહા પ.પૂ.આ.શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્ન મુનિરાજ નયશેખર વિજયજી મ.સા. કલ્યાણકારી ચાતુર્માસ અર્થેબિરાજમાન છે.ત્યારે પૂજ્ય મુનિરાજશ્રી નયશેખર વિજયજી મહારાજ સાહેબ એ જણાવ્યું કે કાર્તિકી પૂર્ણિમાની સવારથી વિહારનોપ્રારંભ થશે.જૈન જૈન ધર્મ અનુસાર 'ચાતુર્માસ પરિવર્તન' કહેવામાં આવે છે,જે દિવસસોમવારે છે.આ કારતક સુદ પૂર્ણિમાનો દિવસ જૈન સમાજ માટે મહત્ત્વનો બની રહેશે.કેમ કે ચાતુર્માસ દરમિયાન બંધ રહેતી શત્રુંજય તીર્થની યાત્રાનો કાર્તિકી પૂર્ણિમાથી પ્રારંભ થશે. એક સ્થાને બિરાજમાન સાધુ-સાધ્વીજી ભગવંતોના વિહારનો પ્રારંભ થશે અને કલિકાલસર્વજ્ઞ જૈનાચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજી નો જન્મ દિવસ. આ રીતે એક સાથે ત્રણ પ્રસંગો સર્જાશે. તેમણે જણાવ્યું કે ચાર માસ દરમિયાન વરસાદ આદિને કારણે શત્રુંજય પર્વત ઉપર સૂક્ષ્મ જીવોની હિંસાન થાય તે માટે તીર્થયાત્રા બંધ રાખવામાં આવે છે.જેનો પ્રારંભ પૂનમનાં દિવસથી શરૂ થશે.જે શ્રાવક-શ્રાવિકાઓ પૂનમનાં દિવસે પાલિતાણા ન જઈ શકે તેઓ પોત-પોતાના જૈન સંઘમાં શત્રુંજય તીર્થનો પટ બાંધી તેની સમક્ષ ભાવથીતીર્થયાત્રા કરશે.જેને શત્રુંજય તીર્થની 'ભાવયાત્રા' પણ કહેવાય છે.આ દિવસે શાશ્વત તીર્થ એવા શત્રુંજય તીર્થનું મહિમા ગાન પણ થતુંહોય છે.એવું પણ કહેવાય છે કે કાર્તિકી પૂર્ણિમાએ દ્રાવિડ-વારિખિલ્લજી ૧૦ કરોડ મુનિઓ મોક્ષ પદને પામ્યા છે.એટલું જ નહીં,આ તીર્થપરથી અનેક અનંત આત્માઓને મોક્ષની પ્રાપ્તિ થઈ છે.આ તીર્થની સ્પર્શના અને યાત્રા પણ કર્મનિર્જરામાં સહાયક બને છે.આ ભૂમિએ એવીવિશિષ્ટ ભૂમિ છે કે તીર્થંકર પરમાત્માઓનું આ સાધના સ્થાન છે. આવા સ્થાનમાં માત્ર ગુજરાતજ નહીં,દેશભરમાંથી વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહી પધારતાંહોય છે.

નેત્રંગ તાલુકા કાકડકુઈ ખાતે ભાજપ નો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,
નેત્રંગ તાલુકાકાકડકુઈ ખાતે પ્રમુખ વસુધાબેન મનોજભાઈ વસાવાના નિવાસ્થાન ખાતે ભરૂચના સાંસદ મનસુખ વસાવા તેમજ ઝઘડિયા વિધાનસભાના ધારાસભ્ય રિતેશ વસાવા ની ઉપસ્થિતિ ભારતીય જનતાપાર્ટીનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ટેલિવિઝનના માધ્યમ દ્વારા મન કીબાત કાર્યક્રમ નિહાળવામાં આવ્યો.ત્યારબાદ નવીન ઊર્જા, નવીન ઉમંગ અને નવીન ઉત્સાહ સાથે વિક્રમ સંવત ૨૦૮૦ નું વર્ષ વિતેએવી ભાવના સાથે આયોજિત નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપા જિલ્લા પ્રમુખ મારુતિ સિહઅટોદરિયા.પૂર્વ પ્રમુખ પ્રકાશ ભાઈ દેસાઈ પ્રભારી અશોકભાઈપટેલ,જીલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ રાયસિંહ વસાવા, જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન અલ્પેશભાઈ વસાવા, જીલ્લા પંચાયત સભ્ય વર્ષાબેન વસાવા,ઝઘડિયા તાલુકા પંચાયત પ્રમુખ જયેન્દ્રભાઈ વસાવા, નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ વસુધાબેન વસાવા,વાલીયા તાલુકા પંચાયત પ્રમુખ સીતાબેન વસાવાતેમજ સંગઠન ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા
નૂતન વર્ષ સ્નેહ મિલન, ૧૭૧ વિધાનસભા વ્યારા મતવિસ્તાર, ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ, તારીખ ૨૫/૧૧/૨૦૨૩ શનિવાર સબરીધામ સોસાયટી વ્યારા ખાતે સાંજે ૫.૦૦ ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. મહિલા મોરચાની બહેનો દ્વારા ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણી નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું , ત્યારબાદ માધુભાઈ કથરીયા તાપી જિલ્લા સંગઠનના પ્રભારી તથા મયંકભાઇ જોષી તાપી જિલ્લા પ્રમુખ દ્વારા દિપ પ્રગટાવવા મા આવેલ, ધારાસભ્ય મોહનભાઈ દ્વારા ભાજપમાં જોડાયેલ કાર્યકર્તા નું સ્વાગત કરવામાં આવેલ, ધારાસભ્ય મોહનભાઈ કોકણી એ પોતાની મોહક વાણી દ્વારા સમગ્ર કાર્યકરો ના દિલ જીતી લીધા હતા. પરિવારમાં પાછા ફરેલ કાર્યકરો નું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. તાપી જિલ્લા મહામંત્રી શ્રી રાકેશભાઈ કાચ વાલા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સ્નેહ મિલન કાર્યક્રમમાં ભોજન ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

ભારતીય તટરક્ષક દળે વાડીનાર, ગુજરાત નજીક ૯મી રાષ્ટ્રીય સ્તરની પ્રદૂષણ પ્રતિભાવ કવાયત (NATPOLREX-IX) હાથ ધરી

કમલમ્ ન્યુઝ,
૯મી નેશનલ લેવલ પોલ્યુશન રિસ્પોન્સ એક્સરસાઈઝ (NATPOLREX-IX) ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા ૨૫ નવેમ્બર ૨૦૨૩ ના રોજ વાડીનાર, ગુજરાત ખાતે હાથ ધરવામાં આવી હતી. ડીજી રાકેશ પાલ, ડ્રાયરેક્ટર જનરલ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને ચેરમેન NOSDCP એ કવાયત દરમિયાન તમામ એજન્સીઓની તૈયારીઓની સમીક્ષા કરી હતી. કેન્દ્ર અને દરિયાકાંઠાની રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયો અને વિભાગોના પ્રતિનિધિઓ, બંદરો, ઓઈલહેન્ડલિંગએજન્સીઓઅને અન્ય હિતધારકોએ આ કવાયતમાં ભાગ લીધો હતો. આ કવાયતમાં ૩૧ થી વધુ વિદેશી નિરીક્ષકો અને ૮૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. NATPO LREX-IX એ રાષ્ટ્રીય ઓઈલસ્પિલ ડિઝાસ્ટર કન્ટીજન્સી પ્લાન અથવા NOSDC ની જોગવાઈઓને આહવાન કરતી દરિયાઈ તેલના પ્રકોપને પ્રતિભાવ આપવા માટે વિવિધ સંસાધન એજન્સીઓ વચ્ચે સક્ષ્મતા અને સંકલનનું સ્તર ચકાસવાના તેના ઉદ્દેશ્યનેપૂર્ણ કર્યું.

ICG એ પોલ્યુશન રિસ્પોન્સ વેસેલ્સ (PRVs), એફશોર પેટ્રોલ વેસેલ્સ (OPVs), સ્વદેશી એડવાન્સ્ડ લાઈટહેલિકોપ્ટર Mk-III, અને દરિયાઈ પ્રદૂષણ પ્રતિભાવ માટે રૂપરેખાંકિત ડોર્નિયર એરક્રાફ્ટ સહિતની સપાટીતેમજ હવાપ્લેટફોર્મ તૈનાત કર્યા છે. આ ઈવેન્ટમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝન હેઠળ 'મેક ઈન ઈન્ડિયા' થ્રસ્ટ ના સંદર્ભમાં ભારતના ઔદ્યોગિક થ્રેશોલ્ડ નું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મુખ્ય બંદરો જેવા હિતધારકોએ પણ દરિયાઈ પ્રદૂષણ સામે લડવામાં સમન્વયિત પ્રયત્નો દર્શાવવા માટે તેમની દરિયાઈ સંપત્તિઓ તૈનાત કરી. ભારતીયકોસ્ટ ગાર્ડ૦૭માર્ચ ૧૯૮૬ના રોજ ભારતના દરિયાઈ ક્ષેત્રોમાં દરિયાઈ પર્યાવરણ ના રક્ષણ માટેની જવાબદારીઓ સ્વીકારી, જ્યારે આજવાબદારીઓ શિપિંગ મંત્રાલય માંથી તબદીલ કરવામાં આવી. ત્યારબાદ, કોસ્ટ ગાર્ડ દરિયામાં ઓઈલ સ્પીલ આપત્તિનો સામનો કરવા માટે NOSDCP તૈયાર કર્યું, જેને ૧૯૯૩માં સચિવોની સમિતિએ મંજૂરીઆપીહતી. NOSDCP તૈયાર કરવા ઉપરાંત, કોસ્ટ ગાર્ડ મુંબઈ, ચેન્નાઈ, પોર્ટ બ્લેર અને વાડીનાર ખાતે ચાર પ્રદૂષણ પ્રતિભાવ કેન્દ્રો સ્થાપ્યા છે. ભારતીય જળસીમામાં આઈલ સ્પીલઆકસ્તે માટેભારતની તૈયારી માટે તેલપ્રસરણ પ્રતિભાવમાટેએક મજબૂત રાષ્ટ્રીય વ્યવસ્થા મહત્વપૂર્ણ છે. ખરેખર, ભારતની ૩૫ ટકા ઉર્જા જરૂરિયાતો ઓઈલ દ્વારાપૂરી થાયછે જેઆપણા દેશમાં દરિયાઈ માર્ગ આયાત કરવામાં આવે છે. જહાજો દ્વારા તેલનું પરિવહન સ્વાભાવિક જોખમોથી ભરપૂર છે અને તે માટે જહાજના માલિકોતેમજ બંદરનીઅંદર તેલ પ્રાપ્ત કરતી સુવિધાઓ બંને દ્વારા નિવારક પગલાં લેવાની જરૂર છે. જો કે, દરિયાઈ અકસ્માતો અને સમુદ્રના અણધાર્યા જોખમો દ્વારા તેલ પ્રદૂષણનોભય સર્વવ્યાપી છે. ભારતીય કોસ્ટ ગાર્ડ ભારતીય જળસીમામાં તેલના ફેલાવાના પ્રતિભાવ માટે સેન્ટ્રલ કોઓર્ડિનેટિંગ ઓથોરિટી તરીકે કાર્યકરે છે.

અંકલેશ્વર-હાંસોટમાં સરેરાશ ૨ ઈંચ કમોસમી વરસાદ, ખેડૂતોના લાલટે ચિંતાની લકીર

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ
હવામાન વિભાગે મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી હતીતે મુજબ અંકલેશ્વર તાલુકામાં કમોસમી વરસાદ વરસતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે કપાસ તુવેર સહીત શાકભાજી ના પાક ને નુકશાન થવાની ભીતિ સેવાય રહી છે ,ગાજવીજ સાથે વરસાદ વરસતા જનજીવન ખોરવાયું હતું ત્યારે સ્વેટર પહેરવાના ના બદલે રેઈનકોટ પહેરવાની ફરજ પડી હતી શિયાળામાવરસાદના આગમનથી લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.માવઠાના કારણે શહેરોમાં જનજીવન અસ્તવ્યસ્ત થયુ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ખેડુતો ચિંતામાં મુકાયા છે . અંકલેશ્વર, હાંસોટ, તાલુકાઓમાં સવારથી જ ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે અંકલેશ્વર શહેર માં પણ વરસાદ ના પગલે જન જીવન ખોરવાયુંહતું અને લોકો એઠંડી ના ચમકારા નીઅનુભવ કર્યોહતો તો કેટલાક વિસ્તારો માં વિજપુરવઠો ખોરવાયોહતોભર શિયાળે સ્વેટર પહેરવાના બદલે રેઈનકોટ પહેરવાનીફરજ પડીહતી.,

ખડસુપા ખાતે નવસારી તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ- ૨૦૨૩ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,
રાજ્યના ખેડૂતોને રવિ પાકો, આધુનિક કૃષિતાંત્રિકતા, ખેડૂતલક્ષી વિવિધ સુહાય યોજનાઓ તેમજ ખેતી પાકોઅંતર્ગત આધુનિક અને વૈજ્ઞાનિક સમાજ મળી રહે તથા તાલુકાના નાગરિકોનેસરકારીસેવા એકજ છત્રઉપલબ્ધથાયતે હેતુસર રાજ્યમાં તમામ તાલુકાઓમા બે દિવસે રવિ કૃષિ મહોત્સવ અને સેવા સેતુ ના કાર્યક્રમ આયોજન કરવામાંઆવ્યું છે. જેનાભાગ રૂપે નવસારી વિધાનસભાના ધારાસભ્યશ્રીરાકેશભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને શ્રી એમ.એન. વિદ્યાલય ખડસુપા બોર્ડિંગ ખાતે તાલુકાકક્ષાનાં રવિ કૃષિ મહોત્સવ-સેસ્રસેતુ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારી ડા અતુલ ગજેરાએ સ્વાગત પ્રાસ્તાવ કરી રવિ કૃષિ મહોત્સવ-વ-સેવાસેતુ કાર્યક્રમની રૂપરેખાઆપીહતી. આ પ્રસંગે નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ જણાવ્યું કે, આપણા પરંપરાગત ધાન્ય એવા જુવાર, બાજરી, નાગલી જેવા પાકો પોષક તત્વોથી ભરપૂર છે તેથી તેનુ આપણા રોજિંદાજીવનમાં સમાવેશ કરવુ અનિવાર્ય બન્યુ છે. ધાન્યોના ફાયદા અને તેનુ વાવેતર તેમજ પ્રાકૃતિક ખેતી વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ મેળવેએ દિશામાંસુચન કર્યું હતું. કૃષિનિષ્ણાંતો દ્વારા ખેડૂતોને કાર્યક્રમનાં પ્રથમ દિવસે રવિ પાકોના વાવેતર, આધુનિક કૃષિ તાંત્રિકતા, હલકા ધાન્ય પાકો વિશે આગવી સમજ, બાગાયતી પાકોનું મહત્વ તથા પ્રાકૃતિક ખેતી અંગ માર્ગદર્શન અપાયું હતું.આઉપરાંત તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા તેમના અનુભવોનું આદાન-પ્રદાન કરવામાંઆવ્યું હતું. કાર્યક્રમમાં આત્મા વિભાગ દ્વારા બેસ્ટ ફાર્મર એવોર્ડઅને ખેતીવાડી-બાગાયત-પશુપાલન ખાતાની વિવિધયોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ મહાનુભાવોનાં વરદ હસ્તે કરાયું હતું.

આ પ્રસંગેગુજરાત પ્રકૃતિક ખેતી યુનિવર્સિટીના કુલપતિ ડીસી.કે.ટીબડીઆ, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ પાઠક, જીલ્લા પંચાયત સદસ્યશ્રીઓ ક્રિષ્ટેભાઈ, દર્શનાબેન, ગીતાબેન તેમજ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેન આહીર, તેમજ જિલ્લા સંગઠનના મહામંત્રીશ્રી શ્રી જિગ્નેશભાઈ દેસાઈ, તાલુકા સંગઠનમાં પદાધિકારીશ્રી મુકેશભાઈ પટેલ, તાલુકા સંગઠનનાશ્રી દિનેશભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયતના સભ્યશ્રી, સહિત અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોએ અલગ અલગ ખાતાના સ્ટોલ પ્રદર્શનની મુલાકાત દ્વારા માર્ગદર્શન મેળવ્યું. નવસારી ખેતીવાડીખાતાનાં અધિકારીશ્રીઓ ચિંતનભાઈ દેસાઈ, મામલતદાર શ્રી પ્રશાંત ગામિત તેમજ તેમની ટીમ, તાલુકા વિકાસ અધિકારીશ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ તેમજ તાલુકા પંચાયત કચેરીની ટીમ, વિસ્તરણ અધિકારીશ્રીઓ,ગ્રામ સેવકશ્રીઓ, તલાટીશ્રીઓ તેમજ વિવિધ વિભાગમાંથીઆવેલ અધિકારી/ કર્મચારીશ્રી દારાકાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતાં.

ખેડા જિલ્લાના તમામ તાલુકા ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન યોજાયા

રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અન્વયે ખેડુતોને યોજનાકીય લાભ વિતરણ કરવામાં આવ્યા તથા જિલ્લા અને તાલુકા કક્ષાના બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ દ્વારા ખેડુતોને સન્માનિત કરવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,
કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત ખેડા જિલ્લાના તમામ તાલુકા ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન કાર્યક્રમ યોજાયા હતા. જેમાં જિલ્લા કલેક્ટર રશ્મી કે.એલ.ભચાણી અને મહુધા ધારાસભ્યશ્રીસંજયસિંહ મહિડાનાં અધ્યક્ષસ્થાને મહુધાખાતે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલ અગ્રણાલઅને ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમારનાં અધ્યક્ષસ્થાને માતર ખાતે, ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને નડિયાદ ખાતે, ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને ઠાકોર ખાતે, ધારાસભ્યશ્રી રાજેશકુમાર ઝાલાનાં અધ્યક્ષસ્થાને કપડવંજ ખાતે, ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને મહેમદાવાદ ખાતે, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી રીકાબેન પટેલના અધ્યક્ષસ્થાને વસો ખાતે, ખેડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રેમિલાબેન ચૌહાણના અધ્યક્ષસ્થાને ખેડાખાતે, ગળતેશ્વર તાલુકા પંચાયત પ્રમુખશ્રી જયંતિભાઈ પરમારના અધ્યક્ષસ્થાને સેવાલિયાખાતે અને કઠલાલ નગરપાલિકા પ્રમુખશ્રી ગીતમસિંહ ચૌહાણની અધ્યક્ષસ્થાને કઠલાલ ખાતે કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન કાર્યક્રમો યોજાયા હતા. કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન કાર્યક્રમોમાં ખેતી વિષયક તેમજ સેવાસેતુ અંતર્ગત વિવિધ સ્ટોલ ઉભા કરીને ખેડુતોને સરકારની યોજનાકીય બાબતોની માહિતિ પુરી પાડવામાં આવી હતી. ઉપરાંત ખેડુતોને યોજન કીય લાભનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ અને ઉત્કૃષ્ટ ખેતીકરનાર ખેડુતોને બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતોને ખેતીના વિવિધ પ્રકારો વિશે મહત્વની જાણકારીઆપી ખેડુતોને મુંઝવતા પ્રશ્નોનુનિરાકરણ કરવામાં આવ્યુ હતુ. તથા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા ખેડુતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંબંધિત તાલુકાનાં ધારાસભ્ય શ્રીઓ, તાલુકા પ્રમુખ શ્રીઓ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી, ખેતીવાડી અધિકારીશ્રીઓ, સહિત અન્ય સંબંધિત વિભાગનાં અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, આગેવાનો અને ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

કરજણના ભરતમુની હોલ ખાતે ધારાસભ્ય શ્રીની ઉપસ્થિતિમાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

તાલુકાના શ્રેષ્ઠ આત્મા ખેડૂત અને શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડથી સન્માનિત કરાયા

આવનાર સમયમાં ઇથેનોલ પ્લાન્ટ, ફૂડ પ્રોસેસિંગ તથા સ્ટોરેજ સહિત વિવિધ સુવિધાઓથી તાલુકાના ખેડૂતો લાભાન્વિત થશે: ધારાસભ્યશ્રી અક્ષય પટેલ

કમલમ્ ન્યુઝ,
ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાક વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગેમાર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધસહાય યોજનાઓઅંગેની સમજ મળી રહે તે હેતુસર રાજ્યભરમાં બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેઅંતર્ગતકરજણ તાલુકામાં ધારાસભ્યશ્રી અક્ષયભાઈ પટેલનીઉપસ્થિતિમાં ભરતમુની નગરગૃહ, કરજણખાતેરવિ કૃષિમહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાંઉપસ્થિત કરજણના ધારાસભ્ય શ્રીઅક્ષયભાઈ પટેલેજણાવ્યું કે ખેડૂતોની આવકબમણી થાય, સીધે સીધુ વેચાણ કરી શકે અને ખેડૂતો વધુ ને વધુ સશકત બને તે માટે સરકારસંતત પ્રયત્નશીલછે. વધુમાંધારાસભ્યશ્રીએજણાવ્યું કે આવનાર સમયમાં ઈથેનોલ પ્લાન્ટ, ફૂડ પ્રોસેસિંગ તથા સ્ટોરેજ સહિત વિવિધ સુવિધાઓથી તાલુકાના ખેડૂતો લાભાન્વિત થાય તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. કૃષિતજજ્ઞો દ્વારાપ્રાકૃતિક ખેતી તથાશ્રી અન્નવિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. રવિ કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભવોનાહસ્ત તાલુકાના શ્રેષ્ઠ આત્મા ખેડૂત અને શ્રેષ્ઠ પશુપાલકોને એવાર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તદઉપરાંત બાગાયત વિભાગ,પશુપાલન વિભાગ, આત્મા, આઈ.સી. ડી.એસ., જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા વિવિધ ખેત ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ પણ કરવામાં આવ્યું હતું. આ સાથે નાગરિકલક્ષી સેવાઓ આપવા માટે સેવા સેતુ કાર્યક્રમ માટે સ્ટોલ ઉભા કરવામાં આવ્યાહતા. આપ્રસંગે કરજણ પ્રાંતઅધિકારી શ્રીઆશિષ મિયાત્રા,તાલુકા વિકાસઅધિકારીશ્રી સરદાર સિંહ, કૃષિ તજજ્ઞો, વિસ્તરણ અધિકારીશ્રી, પદાધિકારીઓ, વિવિધ સમિતિના સભ્યો, જન પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતો ભાઈ બહેનોની ઉપસ્થિતિમાંયોજાયો હતો.

ભચાઉ તાલુકાના ધોળાવીરા ગામે રાપર ધારાસભ્યશ્રીના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

કાર્યક્રમના સ્થળે વિવિધ સરકારી યોજનાઓના લાભ પાત્રતા ધરાવતા નાગરિકોને અપાયો

કમલમ્ ન્યુઝ,ભુજ,
કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાંઆવેલા ધોળાવીરા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથઆવી પહોંચ્યો હતો. રાપરના ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજાનાઅધ્યક્ષસ્થાને વિકસિતભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ ધોળાવીરા ખાતેયોજાયો હતો. ભચાઉતાલુકાના ધોળાવીરાગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગતયોજાયેલ કાર્યક્રમમાંરાપર વિધાનસભાના ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સ્વાગત કરીભચાઉ તાલુકામાંયાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાંસરકારશ્રીની વિવિધયોજના જેવીકે સ્વછંરૂ,દલ્લજીછ, પ્રધાનમંત્રી ઉજ્જવલયોજના, ઝ્રજી, આયુષ્યમાનકાર્ડવગેરેયોજનાના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યોહતો. આ યાત્રામાં જિલ્લાપંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીશ્રીઓ, ખરીદ વિસ્તારના તમામ સરપંચશ્રીઓ, સભ્યો, રાજકીય અને સામાજિક ક્ષેત્રના આગેવાનો સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિતરહ્યાહતા.વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઉદ્દેશ્ય છે કે પાત્રતા ધરાવતા બાકી રહી ગયેલા નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ સ્થળ ઉપર મળી રહે. જેથી કચ્છ જિલ્લાની તમામ ગામ પંચાયતમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરાયું છે. આમ ગ્રામીણકક્ષાએ વહીવટીતંત્રના વિવિધવિભાગો દ્વારા સ્ટોલ મારફતે સ્થળ ઉપર જ વિવિધયોજનાઓના લાભ આપવાની ફામગીરી કરવામાં આવી રહીછે. જેનોલાભ ઘર આંગણે અનેક નાગરિકોને મળી રહ્યો છે.

ડાંગ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોર્ચા દ્વારા સંવિધાન ગૌરવ દિનની ઉજ્વણી કરવામાં આવી

કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ
આજે જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ભાજપ કાર્યાલયથી મુખ્ય માર્ગ થઈ ડા. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી બાઈક રેલી યોજવામાં આવી. સંવિધાન પુસ્તક સાથે ભારત માતા, બાબા સાહેબ આંબેડકરના નારાઓનો ઉદ્ઘોષ કરી સૌ કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં બાઈક રેલી કાઢી. ડા. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સૌ કાર્યકર્તાઓ દ્વારા સંવિધાન રચયિતા મહામાનવ ડા. આંબેડકરજીની પ્રતિમાને તથા સંવિધાન પુસ્તકને પુષ્પાંજલિ અર્પણ કરી. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા સંગઠન મહામંત્રી હરિરામભાઈસાવંત, જિલ્લાઅનુ.જાતી. મોરચાના પ્રભારી રાજેશભાઈ ધુમડીયા, નવસારીના એસ.સી. મોર્ચા માજી મંત્રી રમણભાઈ સોલંકી, પ્રમુખ વિજયભાઈ મોરે, મહામંત્રી ધિરેનભાઈ ઝાંઝરે તથા ભદ્રે શભાઈ સોલંકી, આહવા મંડળના મહામંત્રી સતિષભાઈ સૈદાને, કાર્યાલય મંત્રીમોરેશભાઈ પવાર, જિલ્લા બક્ષીપંચ મોર્ચામાંથી પ્રમુખ વિશ્વનાથભાઈ મહુલે, મહામંત્રી મુકુંદભાઈ પવાર, વિજયભાઈ મોહિતે, ક્રિષ્નાભાઈ પવાર, જિલ્લા આઈ. ટી. સેલ કનવિનર ગીરીશભાઈ મેટી, વિધાનસભા વિસ્તારક નીરવભાઈ શિંદે, જિલ્લા લઘુમતીમોરચામાંથી પ્રમુખ મહેન્દ્રભાઈ માસ્ટર, મહામંત્રી શુબીર શાહ, યુવા મોરચાના પૂર્વ અધ્યક્ષ સંજયભાઈ પાટીલ, સરપંચ હરિચંદભાઈ ભોયે, ગ્રામ પંચાયત સભ્ય રહુલભાઈ બરછાવ, નરેન્દ્રભાઈગાવિત, જયેશભાઈ બાગુલ તથા સુરેશભાઈ સોલંકી સહિત ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં.

નર્મદા જિલ્લા ની ૫ તાલુકા પંચાયતના ભાજપ ના સદસ્યો નો એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજાયો

જે પાર્ટી માં હોઈએ ને એ પાર્ટી માટે વફાદાર અને સન્માન હોવું જોઈએ - અશોકભાઈ ધોરાજીયા

કમલમ્ન્યુઝ,શૈશવ રાવ
સમગ્ર ગુજરાત માં ભાજપ નો ડંકોવાગ્યો છે ત્યારે ભાજપ ના સદસ્યો ને દર વર્ષ પ્રશિક્ષણ આપવામાં આવેછે જેસંદર્ભે નર્મદા જિલ્લા તાલુકા પંચાયત ના ભાજપ ના ૬૬ સદસ્યો નો પ્રશિક્ષણ વર્ગ પોઈચા સ્વામિનારાયણ મંદિર ખાતે યોજવામાંઆવ્યો પ્રશિક્ષણ વર્ગ નો શુભારંભ દીપ પ્રાગટ્ય અને વંદે માતરમ ગીત થી કરવામાં આવ્યું ઉદ્ઘાટન સત્ર માંપ્રશિક્ષણ વર્ગ ના કન્વીનર ડો.પ્રકાશચંદ્ર પટેલ,પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય અશોકભાઈ ધોરાજીયા, નર્મદા જિલ્લા ભાજપ ના પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, મહામંત્રી નિલ રાવ,વિક્રમતડવી, ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખહાજર રહ્યા હતા. પ્રશિક્ષણ વર્ગ માં ૪ સત્ર લેવામાંઆવ્યા પહેલું સત્ર પ્રશિક્ષણ વર્ગના કન્વીનર ડો.પ્રકાશચંદ્ર પટેલ એ લીધું હતું જેમાં ભાજપ ના વિચાર અને પરિવાર વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં ગાંધી પરિવારે દેશ સાથે કરેલા ઘોટલા ઓ અને ભાજપ ના મુખ્ય ને તાઓ નું કોંગ્રેસ દ્વારા કરેલા અપમાન વિશે જણાવ્યું હતું.બીજું સત્ર કુશળ જનપ્રતિનિધિત્વ વિશે પ્રદેશકારોબારી સભ્ય અશોકભાઈ ધોરાજીયા એ લીધું હતું તેમણે જણાવ્યું કે જનપ્રતિનિધિએ માત્ર ચૂંટણી પૂરતું જ લોકોને મળવાનું નહિ રાખવુંજોઈએ અઠવાડિયામાં એક વાર પોતાના બુથ માં જઈ ને મળતા રહેવુંજોઈએ જેથીલોકો ની સમસ્યા વિશે માહિતી મળતી રહે અનેતેમ્ની સમસ્યાઓનું નિરાકરણ પણ લાવી શકાય. જનપ્રતિનિધિ તરીકે પોતાનું શુ કામ છે તે જાણવું ખુબ જરૂરીછે.અહીં બેઠેલા લોકો એ એવું માની લેવાની જરૂર નથી કે કાયમ માટે તમને જ ટીકીટ મળશે પણ ભાજપ માં સખત મહેનત અને સંઘર્ષ કરનાર કાર્યકર્તા ઓ ની હંમેશા કદર કર વામાં આવે છે ડોદર્શનાબેન દેશમુખ નું ઉદ્ઘાટન આપી અશોકભાઈ ધોરાજીયા એ કહ્યું કે રાજકારણ માં ધીરજ પણ રાખવીપડે.ડિસેમ્બર ના અંત સુધી માં સમગ્ર ગુજરાતમાં ભાજપ ના ચૂંટાયેલા સદસ્યો ને પ્રશિક્ષિત કરવામાં આવશે.ભાજપ માં નાના કાર્યકરો ની કદર થતી હોય છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિચારે છે કે પાર્ટી માટે કામ કરતા નાના માં નાના કાર્યકરો ને તક આપવી છે.જનપ્રતિનિધિ એ પોતાના મતદારો માટે કામ કરવું જોઈએ. જનપ્રતિનિધિએ લોકો નો વિશ્વાસ જીતવોપડે.જનપ્રતિનિધિ ની મૂળભુત ફરજ એ છે કે નાના માણસોનીમદદ કરવીકેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ની યોજનાઓ નો લાભ અપાવવા જોઈએ.જ્યારે ત્રીજા સત્ર માં રાજ્ય સરકાર ના શ્રમ અને રોજગાર વિભાગ ના મંત્રી કુંવરજી દ્વારા લેવામાં આવ્યું આ સત્ર માં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર નીવિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવીહતી.ભાસ પી એમ જે વાય કાર્ડ દરેક લોકો ના ઘરે મળીરહે તે ખાસ તાલુકા પંચાયત ના સદસ્યો એ ધ્યાન રાખવું જોઈએ અને જો કોઈ પાસે ના હોઈ તો સદસ્યો એ ધ્યાન રાખી ને કઢાવી આપવુ જોઈએ જેથીકોઈ નાઘરમાં બીમાર હોઈતો આકાર્ડ દ્વારાસારવાર લઈ શકે.પ્રધાન મંત્રી આવાસ અને મુખ્યમંત્રી આવાસયોજનાનો લાભ પણ જેને ઘર ની જરૂરિયાત છે તે લોકો ને માથાપર છતમળી રહે.પી એમ કિસાન યોજના અંતર્ગત ૨૦૦૦ રૂપિયા કેટલા લોકો ને લાભ મળેછે તેનું પણ ધ્યાન રાખવુ જોઈએ .છેલ્લાસત્ર એટલે કે ચોથા સત્ર માંઅશોકભાઈ ધોરાજીયા એ આખા દિવસ દરમ્યાન યોજાયેલ પ્રશિક્ષણ વર્ગ માં કેટલા સભ્યો એ હાજરી આપી અને પ્રશિક્ષણ વર્ગ માંથી શુ ભાવુ લઈને જઈ રહ્યા છે તેના વિશે સવાલ જવાબ કાર્ય હતા આ પ્રશિક્ષણ વર્ગ થકી પ્રજા મવાર જે લોકોતાલુકા પંચાયત માંચૂંટાયા છે તેમને ભાજપ્પણ છે અને એમની શુ કામગીરી છે તેના વિશે જ્યારે સદસ્ય બન્યા પછી શું કર્યો કરવાના છે તે શીખવાડવા આવ્યું છે

સંવિધાન દિવસ નિમિત્તે શહેર ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજાઈ

ગુજરાત વિધાનસભા સામે સ્થિત ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા થી યાત્રાનું પ્રસ્થાન થઈ શહેર ભાજપ કાર્યાલય સે.૨૧ ખાતે સમાપન કરાયું

ભાજપના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ બંધારણના ઘડયૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના યોગદાનને બિરદાવ્યું

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીજણાવે છેકે, પ્રદેશ ભાજપાની કાર્યસૂચિ મુજબ સંવિધાન સેવાપખવાડીયા અંતર્ગત શહેર ભાજપા અનુસૂચિત જાતિ મોરચાદ્વારા દ્વારાતા. ૨૬ નવેમ્બર, રવિવારના રોજ સંવિધાન દિવસ નિમિત્તે સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભા સામે સ્થિત ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને શહેર ભાજપ પ્રમુખશ્રી ઋષિર ભટ્ટ, મેયરહિતેશ મકવાણા, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદેદારો,અગ્રણીશ્રીઓ, ચુંટાયેલા સભ્યો તેમજ કાર્યકર્તાઓએ પુષ્પાંજલિ અર્પણ કરી બંધારણના નિર્માણમાં તેઓએ આપેલા અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું. ત્યારબાદ ત્યાંથી સંવિધાન ગૌરવ યાત્રાનું વિશાળ રેલીસ્વરૂપે પ્રસ્થાન કરાયું હતું જેનું સમાપનશ્રી કમલમ ભાજપ કાર્યાલય, સે. ૨૧ ખાતે કરવામાંઆવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

સિદ્ધપુર નગરપાલિકા દ્વારા આયોજિત સિદ્ધપુર ખાતે પરંપરાગત રીતે ભરાતા કાર્તિક પૂર્ણિમાના લોકમેળાને ઉદઘાટન કરીપ્રજાજનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. સાથે જ મેળામાં પધારેલ સર્વ નગરજનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું. આ સિદ્ધપુરના ઐતિહાસિક મેળામાં લાખોની જન્મેદની ઉમટી પડશે. આ પ્રસંગે નંદાજી ઠાકોર - પ્રદેશ ઉપાધ્યક્ષ, નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ગિરીશેન ઠાકોર, એપીએમસી ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, પ્રદિપસિંહ રાઠોડ - આર.એ.સી પાટણ, જસુભાઈ પટેલ - પાટણ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ, સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખશ્રી વિક્રમસિંહ ઠાકોર, નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રી અજીતભાઇ મારફતીયા, શંભુભાઈ દેસાઈ, મિહિરભાઈ પંડયા યુવા મોરચા ભાજપ પ્રમુખ, કરોબારી ચેરમેન રશ્મીનભાઈ દવે, મહામંત્રી - મનીષભાઈ પ્રજાપતિ, મહિલા મોરચા પ્રમુખ - સુખાબેન રાવલ, ઉદ્યોગ વિભાગના જનરલ મેનેજર - મેવાડાજી, ઇન્ડેક્સ -સિ નાં અધિકારી સુતરીયાજી , નગરપાલિકાના કોર્પોરેટરશ્રી સહિત હોદ્દેદારો અને આગેવાનો અને આજુબાજુના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો 'મન કી બાત' નો કાર્યક્રમ ખંભાત શહેરના વોર્ડ નંબર ૦માં આવેલ બુથ નંબર ૧૬૨ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, શહેર સંગઠન પ્રમુખશ્રી પીનાકીનભાઈ બ્રહ્મભટ્ટ, પૂર્વ ધારાસભ્યશ્રી સંજયભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રી દિગ્વીજયસિંહ પરમાર સહિત મોટી સંખ્યામાં આગેવાનશ્રીઓ, વડીલશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને નિહાળ્યો હતો

બિલિયા કેળવણી ટ્રસ્ટ આયોજિત "સન્માન સમારોહ" મા ઉપસ્થિત રહેતા કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

બિલિયા ગામ ઉત્તર ગુજરાત માં ઉદાહરણ રૂપ ગામ છે -કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

કમલમ્ ન્યુઝ,

બીલિયા મુકામે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષતામાં સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આયોજકો દ્વારામંત્રીશ્રીનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે સંબોધનકહ્યું હતું, ૫૦

કમલમ્ ન્યુઝ,

મેસર બી.એ.પી. એસ સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમા ઉપસ્થિત રહી પૂ.જ્ઞાનેશ્વર સ્વામિ (સારંગપુર કોઠારી સ્વામી), કરુણામૂર્તિ સ્વામી, ઉત્તમપ્રીત સ્વામી, ભગવતીપ્રસાદ સ્વામી અને સંતોના આશિર્વાદ મેળવ્યા. પ્રસંગે મારી સાથે એપીએમસી ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખશ્રી વિક્રમસિંહ ઠાકોર, શંભુભાઈ દેસાઈ, અશોકભાઈ પટેલ, સુરપાલસિંહ રજપૂત, તાલુકાનાં હોદેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ અગાઉ બિલિયા ગામના આગેવાનોએ ગામવાસીઓને શિક્ષિત કરવાનો ઉમદા વિચાર જનમાનસમાં પ્રસારિત કરવામાં આવ્યો હતો. શિક્ષણ માટે કામ કરતા બિલિયા ગામના તમામ આગેવાનોને હું અભિનંદન પાઠવું છુંકે ૫૦વર્ષ નાં સમર્થાતર અહીંયા શિક્ષણ ક્ષેત્રે તેમજ ગામના વિકાસ માટે જે પ્રકારે પ્રયત્નો કર્યા છે, તે બીજુકાઈ જનાકરીશકે. કેબિનેટ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પાટીદાર સમાજે ગામ, રાજ્ય દેશ વિદેશમાંપોતાના કાર્ય વડે અદભુત કામ કર્યુ છે જે અન્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. વિશ્વના ખૂણામાં શિક્ષણ, વેપારના માધ્યમથી ક્રાંતિ લાવી છે. મેં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈ પટેલને કહ્યું હતું કે સર આ બિલિયા ગામ ઉત્તર ગુજરાતમાં ઉદાહરણરૂપ ગામ છે અહીંયા મંદિરો આવેલા છે.

આ ગામ તમામ પ્રકારના સમાજને સાથે લઈને ચાલનાર ગામ છે. અહીંયા થતી સારી પ્રવૃત્તિઓના પડઘાઓ અન્ય ગામમાં પણ પડે છે. જેથી અન્ય ગામ માટે પણ પ્રેરણા સ્વરૂપ છે. આપ્રસંગે ફૂડકલેક્ટર, મહેંદભાઈ પટેલ, સુરત કોર્પોરેટર નાગરભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતિબેન મકવાણા, અધિકારીઓ, પદાધિકારીઓ તમજ બહોળી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ સંશોધન કેન્દ્ર સમોડા થી રવિ કૃષિ મેળા નો પ્રારંભ કરાવતા કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

ભવિષ્યમાં આરોગ્ય સાચવવા ફેમિલી ખેડૂત ની જરૂર પડશે. - કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

કમલમ્ ન્યુઝ,

સિદ્ધપુર તાલુકાના સમોડા ગામમાં આવેલ કૃષિ સંશોધન કેન્દ્રથી રવિ કૃષિ મેળાનો પ્રારંભ કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતનીઅધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. જયાં ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન તજજ્ઞો દ્વારા આપવામાં આવ્યું હતું. ગામવાસીઓએ રવિકૃષી મેળામાં સેવા સેતુનો લાભ પણ મેળવ્યો હતો કેબિનેટ મંત્રીશ્રીદ્વારા રવિકૃષી મેળામાં લગાડવામાં આવેલા વિવિધ સ્ટોલની પણ મુલાકાત લેવામાં આવી હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતજણાવ્યું હતુ કે, ગુજરાતના ખેડૂતોનીઆવક વર્ધ તે માટે ભારતદેશના યશસ્વી વડપ્રધાન દ્વારા કરેલ ખેડૂતો માટે કરેલ કૃષિ મેળાની શરૂઆત કરી હતી. જેમને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રવી કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. આજે મે રવી કૃષિ મેળા લગાડવામાં આવેલા સ્ટોલની મુલાકાત લીધી હતી. તે આપણને આધુનિક ખેતી કરવા, કઈ પદ્ધતિથી ખેતી કરવી, તેમાં કેવા પ્રકાર આજારોનો ઉપયોગ કરવો અને તે માટે કેવા પ્રકારના માર્કેટિંગ કરવું તેમની પ્રેરણા મળી રહે છે. રાજયસરકાર દ્વારા ખેડૂતો માટે ખેતીલક્ષી સબસિડીમાં પણ વધારો કર્યોછે. સરકારે ખેડૂતોની જમીનમાં કેવા પ્રકારના તત્વો છે આમા શેની ઉણપ છે તેમના માટે ટેસ્ટિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવી છે. ત્યારે ખેડૂતમિત્રે આનો લાભ લેવા અપીલ કરીહતી. ખેડૂતોહવે ટપક સિંચાઈ તરફ વળે તે માટે રાજ્ય સરકાર સબસિડી આપી રહી છે. રાજય સરકારના હકારાત્મક પ્રયાસના લીધે ખેડૂતોની આવક બમણી થાય તેવા પ્રયાસોથઈ રહ્યા છે.

ગુજરાતના વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના લીધે વિશ્વ પણ આપણા ૭ ધાન્ય પાકો જેમને વિશ્વના દેશોએ સ્વીકાર્ય બન્યા છે. રાજ્ય સરકાર દ્વારાપ્રાકૃતિક ખેતીનું પ્રમાણ વધેતે માટે પ્રયાસોથઈ રહ્યા છે. કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે એ વધુમાં જણાવ્યું હતું કે જે રીતે વર્તમાન સમયમાં ફેમિલી ડોકટર, ફેમિલી વકીલની જરૂર હોય છે, તેવી જ રીતે આરોગ્ય સાચવવા નજીકના ભવિષ્ય માં ખેડૂતમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ચીનમાં જાહેર આરોગ્યની ઉભરતી સ્થિતિને ધ્યાનમાં રાખીને શ્વસન બિમારીઓ સામે સજ્જતાનાં પગલાંની સક્રિયપણે સમીક્ષા કરવાનો નિર્ણય લીધો

રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને જાહેર આરોગ્ય અને હોસ્પિટલની સજ્જતાનાં પગલાંની તાત્કાલિક સમીક્ષા કરવાની સલાહ આપી

કોવિડ-૧૯ના સંદર્ભમાં સુધારેલી દેખરેખ વ્યૂહરચના માટે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને 'કાર્યકારી માર્ગદર્શિકા' લાગુ કરશે

ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાસ્મા ન્યુમોનિયા, સાર્સ-કોવ-૨ જેવા સામાન્ય કારણોને કારણે શ્વસન સંબંધી બીમારીમાં વધારો

આરોગ્ય મંત્રાલય સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. એલાર્મની જરૂર નથી

કમલમ્ ન્યુઝ,

તાજેતરના સપ્તાહોમાં ઉત્તરી ચીનમાં બાળકોમાં શ્વસન સંબંધી બીમારીમાં વધારો થવાના સંકેત આપતા તાજેતરના અહેવાલોને ધ્યાનમાંરાખીને, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પુષ્કળ સાવચેતીના સંદર્ભમાં, શ્વસનબિમારીઓ સામે સજ્જતાનાં પગલાંની સમીક્ષા કરવાનો સક્રિયપણે નિર્ણય લીધો છે. ચાલુ ઈન્ફ્લ્યુએન્ઝા અને શિયાળાની ઋતુનેધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ હોવાનું નોંધવામાં આવ્યું છે, જેના પરિણામે શ્વસન સંબંધી બીમારીના કેસોમાં વધારો થાય છે. ભારતસરકાર પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહી છે, અને સંકેત આપ્યો છે કે કોઈ પણ પ્રકાર ની ચેતવણીની જરૂર નથી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કેન્દ્રીય આરોગ્ય સચિવ દ્વારા એક પત્રમાં, તમને જાહેર આરોગ્ય અનેહોસ્પિટલ સજ્જતાનાં પગલાંની તાત્કાલિક સમીક્ષા કરવાની સલાહ આપવામાં આવી છે, જેમ કે વરિષ્ઠ કક્ષાએ એચઆરની ઉપલબ્ધતા, હોસ્પિટલ બેડ, ઈન્ફ્લ્યુએન્ઝા માટે દવાઓ અને રસીઓ,તબીબી ઓક્સિજન, એન્ટિબાયોટિક્સ, વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો, પરીક્ષણ કિટ્સ અને રીએજન્ટ્સ, ઓક્સિજન પ્લાન્ટ્સ અને વેન્ટિલેટર્સનીકાર્યક્ષમતા, આરોગ્ય સુવિધાઓમાં ચેપ નિયંત્રણ પદ્ધતિઓ. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ આ વર્ષની શરૂઆતમાંશેર કરેલા'કોવિડ-૧૯ ના સંદર્ભમાં સુધારેલી સર્વેલન્સ વ્યૂહરચના માટે ઓપરેશનલ ગાઈડલાઈન્સ' લાગુ કરવાની સલાહ આપી છે, જે ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી (આઈએલઆઈ) અને ગંભીર તીવ્ર શ્વસન બિમારી (એસએઆરઆઈ) ના કેસોતરીકે રજૂ કરતા શ્વસન પેથોજેન્સના સંકલિત સર્વેલન્સની જોગવાઈ કરે છે. તમને ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ (આઈડીએસપી) ના જિલ્લા અને રાજ્ય સર્વેલન્સ એકમો, ખાસ કરીને બાળકો અને કિશોરો દ્વારા

આઈએલઆઈ/એસએઆરઆઈના વલણો પર જિલ્લા અને રાજ્ય દેખરેખ દ્વારા બારીકાઈથી નજર રાખવામાં આવશે

આઈએલઆઈ/એસએઆરઆઈના ટ્રેન્ડ પર બારીકાઈથી નજર રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવા પણ કહેવામાં આવ્યું છે. આઈએલઆઈ/એસએઆરઆઈનો રેટ આઈડીએસપી- આઈએચઆઈપી પોર્ટલ પર અપલોડ કરવોજરૂરીછે, ખાસ કરીને મેડિકલ કોલેજ હોસ્પિટલોસહિત સરકારી સ્વાસ્થ્ય સંસ્થાઓ પાસેથી. રાજ્યોએ એસએઆરઆઈ ધરાવતા દર્દીઓના અનુનાસિકઅને ગળાના સ્વેબ નમૂનાઓ, ખાસ કરીને બાળકો અને કિશોરોના, શ્વસન પેથોજેન્સના પરીક્ષણ માટે રાજ્યમાં સ્થિત વાયરસ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીઝ (વીઆરડીએલ) મામોકલવા પણ જણાવ્યું હતું. આ સાવચેતી અને સક્રિય સહયોગી પગલાંના અમલીકરણની સંચિતઅસર કોઈ પણ સંભવિતપરિસ્થિતિનો સામનો કરશે અને નાગરિકોની સલામતી અનેસુખાકારી સુનિશ્ચિત કરશેતેવી અપેક્ષા છે. તાજેતરમાં, ડબ્લ્યુએચઓ અનુસાર, ડબ્લ્યુએચઓ દ્વારા શેર કરવામાં આવેલી માહિતીમાં ચીનના ઉત્તરીય ભાગોમાં શ્વસન સંબંધી બીમારીમાં વધારો થવાના સંકેત આપવામાંઆવ્યા છે. આ મુખ્યત્વે ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાસ્મા ન્યુમોનિયા જેવી શ્વસન બિમારીઓના ચક્રીય વલણ ઉપરાંત શિયાળાની ઋતુની શરૂઆત સાથે જ કોવિડ-૧૯ પ્રતિબંધોના પ્રકાશનને કારણે આ ઉછાળો આવ્યો છે. જ્યારે ડબ્લ્યુએચઓએચીની અધિકારીઓ પાસેથી વધારાની માહિતી માંગી છે, એવું મૂલ્યાંકન કરવામાં આવે છે કહાલમાંકોઈ ચેતવણીનું કારણ નથી.

કમલમ્ ન્યુઝ,

બોરસદ સ્થિત રોટરી ક્લબ, બોરસદ સન સીટી દ્વારા આયોજિત 'બા તને હું ક્યાં રાખું' નામનું સામાજિક નાટકનું આયોજન કરવામાં આવ્યુ જેના શુભારંભ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદના ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકી, પ્રમુખ રો. ચિરાગભાઈ મહેશ્વરી, સહિત રોટરી ક્લબના પદાધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.I.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028